શિક્ષણ વિભાગ વારંવાર દિશાવિહીન સાબિત થઈ રહ્યું છે - પ્રદેશ કૉંગ્રેસ

અમદાવાદ, ગુજરાત પાઠ્ય પુસ્તક મંડળ દ્વારા સરકારી શાળાઓમાં અપાતા પુસ્તકોમાં ધોરણ-૭નાં સામાજિક વિજ્ઞાનના પુસ્તકમાં ૧૬ નંબરના પાઠમાં જાતિગત ભિન્નતામાં ૧૦૪ નંબરના પેજ ઉપર દેશના અલગ અલગ ક્ષેત્રે નામના ધરાવતી મહિલાઓનો પરિચય આપવામાં આવ્યો છે. જેમાં ગુજરાતના અંતરિયાળ વિસ્તાર ડાંગ જિલ્લામાંથી દેશને સુવર્ણચંદ્રક અપાવનાર સરિતા ગાયકવાડન સ્થાને વનિતા ગાયકવાડ નામની મહારાષ્ટ્રની મહિલાના નામ સાથે તેનોજ ફોટો લગાવી દેવામાં આવ્યો છે. ગુજરાત પાઠ્ય પુસ્તક મંડળ માત્રને માત્ર કોન્ટ્રાક્ટ આપવા અને ખરીદીમાં રસ છે પણ ગુજરાતના વિદ્યાર્થીઓને સાચુ શિક્ષણ મળે તે દિશામાં શિક્ષણ વિભાગ વારંવાર દિશાવિહીન સાબિત થઈ રહ્યું છે. ગુજરાત પાઠ્ય પુસ્તક મંડળ ભ્રષ્ટાચારનું એપીસેન્ટર છે જેમાં વિદ્યાર્થીઓને સાચી માહિતીથી વંચિત રહે તે રીતે વારંવાર ભૂલોવાળા પુસ્તકો વિતરણ અંગે જવાબ માંગતા ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ગુજરાતી ધોરણ સાત સામાજિક વિજ્ઞાનના પુસ્તકના પેજ નંબર ૧૦૪ પર ભારતને ગૌરવ અપાવનર નારી શક્તિનું વર્ણન કરવામાં આવ્યું છે.પરંતુ આ પાઠમાં પાઠય પુસ્તક મંડળ દ્વારા સરીતા ગાયકડવાને સ્થાને વનિતા ગાયકવાડનો ફોટો અને નામ લખવામાં આવ્યો છે. ગુજરાત સરકારના પાઠય પુસ્તક મંડળને માત્ર કોન્ટ્રક આપવા અને ભ્રષ્ટાચાર કરવામાં રસ છે. ગુજરાતને ગૌરવ અપાવનર સરિતા ગાયકવાડે પોતાને પડતી પાણીની તકલીફ અંગે રજૂઆત કરી હતી એટલા માટે જ આ પ્રકારના છબરડા જોવા મળી રહ્યા છે. એક દીકરીએ ડાંગમાં પાણીના બેડા ઉઠાવે છે. તો જેમનો ફોટો આપવામાં આવ્યો છે તે દીકરી કાર ડ્રાઈવિંગ શીખે છે. શું સરકારે જાણી જોઈને આ છબરડો નથી કર્યો ને ?

આ વિષય પર રાજયના મુખ્યમંત્રી ને તો "ખબર જ નહીં હોય"તો નાયબ મુખ્ય મંત્રી અને શિક્ષણ મંત્રી તો આ બાબતે સાવ અજાણ જ હશે. ત્યારે રાજ્ય સરકાર આદિજાતિની દિકરી સરિતા ગાયકવાડના પરિવારની માફી માંગે અને પુસ્તકમાં તાત્કાલિક સુધારો કરે. જેથી વિદ્યાર્થીઓ સાચી હકીકત અને સિદ્ધીથી વાકેફ થાય. કોરોના વૈશ્વિક મહામારીમાં દેશના બાળકોને સાચા શિક્ષણથી અજાણ રાખવા મોદી સરકાર અને સંઘ પરિવારના સુનિયોજીત એજન્ડાચ હોય તે રીતે સીબીએસઈ ના ૩૦ ટકા અભ્યાસક્રમ ઘટાડવાના નામે ધો-૯ થી ધો-૧૨ માં અનેક મહત્વના પ્રકરણો દુર કરી દીધા છે. સંવિધાન અને લોકતંત્રના વિષયો અંગે નવી પેઢી જાણકારીથી દુર રાખવાના મોદી સરકાર-સંઘ ના એજન્ડ ઉપર આકરા પ્રહાર કરતાં ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, સીબીએસસી બોર્ડ દ્વારા પણ પાઠયક્રમ બદલવાના નામે સંઘની વિચારધારા ફેલાવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. કહેવાતી રાષ્ટ્રવાદી સરકારે નેશનાલીઝમ ને અભ્યાસક્રમમાંથી બહાર કરી દીધું. રાષ્ટ્રિય શિક્ષણ બોર્ડ ઝમ્જીઈ અભ્યાસક્રમ બદલવાના નામે દેશના બાળકોને સંવિધાન, લોકતંત્ર સહિતના શિક્ષણથી વંચિત રાખવા ધો-૧૧ "પોલીટીકલ સાયન્સ" વિષયમાંથી ધર્મ નિરપેક્ષતા-જીીષ્ઠેઙ્મટ્ઠિૈજદ્બ, સમવાયતંત્ર-હ્લીઙ્ઘીટ્ઠિઙ્મૈજદ્બ, નાગરિકત્વ-ઝ્રૈંડીહજરૈં, રાષ્ટ્રીયતા-દ્ગટ્ઠંર્ૈહટ્ઠઙ્મૈજદ્બ સત્તાના વિકેન્દ્રીકરણની વિશેષ સમજ આપતા બે યુનિટ પણ રદ્દ કરી નાંખ્યા. ધો-૧૨ – પોલીટીકલ સાયન્સના અભ્યાસક્રમમાંથી પર્યાવરણ, કુદરતી સંપદા, સામાજિક અને નવી સામાજિક ચળવળ, આયોજનબધ્ધ વિકાસ તેવા વિષયોને આવરતા સેન્ટરો રદ્દ કરવામાં આવ્યા. ભારતની વિદેશનિતિ ભારતના પડોશી રાષ્ટ્ર સાથેના સંબંધો, પાકિસ્તાન, બાંગ્લાદેશ, નેપાલ, શ્રીલંકા અને મ્યાનમાર ધો-૯ Political Science માંથી લોકતાંત્રિક અધિકારો અને ભારતનું સંવિધાન અર્થશાસ્ત્રના વિષયમાંથી અન્ન સુરક્ષા ધો-૧૦ ના અભ્યાસમાંથી લોકતંત્ર અને વિવિધતા જાતિ, ધર્મ, લીંગ લોકતંત્ર સામેના પડકારો જેવા નવી પેઢીને વિશેષ સમજ આપતા પ્રકરણો રદ્દ કરવાથી વિદ્યાર્થીઓ જ્ઞાનથી વંચિત રહેશે. આ બાબત પરથી દેશના સીબીએસઈમાં અભ્યાસ કરતાં લાખો બાળકો રાષ્ટ્રીય એક્તા, વિવિધતા, સંવિધાન, લોકતંત્ર, વિદેશનીતિ જેવા અનેક મહત્વની બાબતોના અભ્યાસથી વંચિત રહેશે. જે દેશના આવનાર સમય માટે ચિંતાનો વિષય છે.

હિંમતનગરના કાંકણોલ પંચાયત વિસ્તારની સોસાયટીમાં વરસાદી પાણી ભરાતાં રોષ

હિંમતનગર, હિંમતનગરના કાંકણોલ ગ્રામ પંચાયત વિસ્તારની ચિત્રકૂટ સોસાયટીમાં પ્રવેશવાના મુખ્ય રોડ પર જ વરસાદી પાણી ભરાવાના કારણે ગંદકી સર્જાતી હોઈ જીવજંતુઓના ઉપદ્રવથી રોગચાળો ફેલાવાની ભીતિ સેવાઈ રહી છે. અનેકવાર રજૂઆત કરવા છતાં તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી ના કરાતાં રોષે ભરાયેલા રહીશોએ આંદોલનની ચિમકી ઉચ્ચારી છે.ચિત્રકૂટ સોસાયટીના રસ્તાનો ઢાળ યોગ્ય ન હોવાના કારણે સામાન્ય વરસાદમાં પણ પાણી ભરાઈ જતું હોવાનો રોષ વ્યક્ત કરતાં રહીશોએ જણાવ્યું હતું કે, વરસાદી પાણીનો નિકાલ ન થવાથી રોડ પર લીલ અને ગંદકી સર્જાતાં માખી, મચ્છરો સહિત જીવજંતુઓનો ઉપદ્રવ વધી જાય છે. મેલેરીયા, ડેન્ગ્યૂ સહિતના રોગો વધી જાય છે. હાલમાં કોરોનાની મહામારી ચાલી રહી છે ત્યારે સામાન્ય તાવ આવે તો પણ સોસાયટીના રહીશોમાં ભય ફેલાય છે. વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા કરવા માટે વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કાંકણોલ પંચાયત અને ટીડીઓને કરી હોવા છતાં કોઇ કાર્યવાહી કરાતી નથી. તાત્કાલિકનું પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા નહીં કરાય તો રહીશો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરશે. અનેકવાર રજૂઆત કરવા છતાં તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી ના કરાતાં રોષે ભરાયેલા રહીશોએ આંદોલનની ચિમકી ઉચ્ચારી છે.

કલોલમાં મિનરલ વોટરના ગોડાઉનમાં સંતાડેલો વિદેશી દારૂનો જથ્થો પકડાયો

ગાંધીનગર, દારૂના ગોરખધંધાને ડામવા માટે ચાલી રહેલી કવાયત અંતર્ગત પોલીસે કલોલ પંથકમાં બે દરોડા પાડ્યા હતા. ગાંધીનગર એલસીબીની ટીમે કલોલ હાઈવે પર મિનરલ વોટરના ગોડાઉનમાંથી તેમજ સઈજમાં બુટલેગરના ઘર પાસેથી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. જિલ્લા પોલીસ વડા મયૂર ચાવડાની સૂચના મુજબ એલસીબી પીઆઈ જે. જી. વાઘેલાની ટીમે કલોલ પંથકમાં પેટ્રોલિંગમાં હતી. દરમિયાન કલોલ હાઈવે પર બળિયાદેવના મંદિર પાસે વિનસ મિનરલ વોટરના ગોડાઉનમાં વિદેશી દારૂનો જથ્થો રખાયો હોવાની બાતમી મળી હતી. લીસે દરોડો પાડતાં ગોડાઉનમાંથી અલગ-અલગ બ્રાન્ડની ૯૨,૬૬૬ની કિંમતની ૧૨૦ બોટલો મળી આવી હતી. આ અંગે પોલીસે સંજય જયંતીભાઈ બાવા (રહે-પંચવટી રેસિડેન્સી, સઈજ)ની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી હતી. એલસીબીની ટીમે બીજો દરોડો સઈજ ગામે ગુજરાતી શાળાની બાજુમાં આવેલ માનાભાના માઢમાં પાડ્યો હતો. ખુલ્લા પ્લોટમાં ઈંટોની આડમાં થેલામાં બે પેટી દારૂ સંતાડવામાં આવ્યો હતો. પોલીસે ૮,૨૨૦ની કિંમતની વિદેશી દારૂની ૨૪ બોટલ જપ્ત કરી આરોપી અક્ષયજી બાબુજી ઠાકોર સામે પ્રોહી એક્ટ મુજબ ગુનો નોંધ્યો હતો.

ખેડા જિલ્લામાં ૧૪ પોઝિટિવ કેસ : ૨નાં મોત

નડિયાદ, ખેડા જિલ્લાના કઠલાલમાં એક જ દિવસમાં પાંચ કેસ કોરોના પોઝિટિવના નોંધાયા છે. પરંતુ સરકારી ચોપડે માત્ર બે જ કેસ નોંધાયા છે. કઠલાલની વૃદાંવન સોસાયટીના ૩૯ વર્ષના પુરૂષ, સેન હરીહર ફલેટના ૪૪ વર્ષના પુરૂષ, મંગલકુતી સોસાના પુરૂષ, હરીહર સોસાયટીના ત્રીસ વર્ષના પુરૂષ, રઘુનંદન સોસા.ના ૪૭ વર્ષના પુરૂષ પોઝિટિવ આવ્યા હતા. જયારે પોઝિટિવ રિપોર્ટ આવતા મામલતદાર વાય.વી.શાહ, ના મા.ડી.પી.પટેલ, બી.એચ.ઓ. સૌરભ શાહ, પી.એસ.આઇ જે.કે.રાણા, તેમજ પાલિકા સ્ટાફ સ્થળ પર પહોંચી ગયા હતા. તેમજ આ વીસ્તારોને સેનેટાઇઝ કરી કન્ટેનમેન્ટ કરાયો હતો. ગળતેશ્વર તાલુકામાં આવેલું વિજમથક વણાંકબોરી થર્મલ પાવર સ્ટેશનના ડેપ્યુટી જનરલ મેનેજર(ટ્ઠ્ઠસ)ને કોરોનાનો કેસ પોઝિટિવ આવતા થર્મલમાં ફફડાટ વ્યાપ્યો છે હજારો લેબર અને ઓફિસરો સાથે થર્મલ રાજ્ય માટે વીજ ઉતપન્ન કરે છે. હવે તેમના જ અધિકારીને કોરોના થતા તેમને સારવાર માટે અમદાવાદ લવાયા છે. ટ્ઠ્ઠસ ને કોરોના હોવાની જાણ થતાં આરોગ્યની ટિમ આવી સર્વે કરી તમામ કવાટર્સને સેનીટાઇઝિંગની કામગીરી હાથ ધરી હતી. સાથે થર્મલ ગેટની બહાર આવેલા ગીતા મંદિર બજારમાં પણ ડર ઉભો થતા વેપારી એસોસિએશન દ્વારા બપોરે ૨ કલાક સુધી બજારો ચાલુ રાખવાનું નકકી કરાયું છે. આ બાબતે તાલુકા હેલથ ઓફીસરે જણાવ્યું હતું કે તેઓનો રિપોર્ટ પોઝિટિવ હોવાની માહિતી પોર્ટલ પર મુકવામાં આવી નથી. આ ઉપરાંત નડિયાદ શહેરમાં ચાર કેસ પોઝિટિવ આવ્યા છે. મહેમદાવાદમાં નારાયણ પાર્કમાં રહેતા ૫૮ વર્ષના પુરૂષ, રણછોડજીની પોળમાં રહેતા એક ૫૧ વર્ષના પુરૂષ, કપડવંજમાં એક પોઝિટિવ અને માતરમા એક પોઝિટિવ કેસ મળીને કુલ કેસ ૧૪ થયા છે.

કડી શહેરની પોસ્ટ ઓફિસમાં સોશિયલ ડિસ્ટન્સના ધજાગરા

કડી, કડી શહેરના તીન બત્તી વિસ્તારમાં આવેલી મુખ્ય પોસ્ટ ઓફિસમાં છેલ્લા ઘણા સમયથી અવાર નવાર સર્વર ડાઉન રહેતું હોવાથી લોકોને પારાવાર મુશ્કેલીઓ પડતી હોવાથી લોકોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. મંગળવારે પોસ્ટ ઓફિસમાં સર્વર ડાઉન રહેતાં લોકોની ભીડ જામી ગઈ હતી જેથી ઓફિસમાં સોશિયલ ડિસ્ટન્સના ધજાગરા ઉડતા જોવા મળ્યા હતા. શહેરના તીનબત્તી વિસ્તારમાં આવેલી મુખ્ય પોસ્ટ ઓફિસમાં છેલ્લા કેટલાક સમયથી સર્વરમાં ખામીના કારણે ગ્રાહકોને કલાકોના કલાક ઉભા રહેવું પડતું હોય છે અને સવારથી લોકોના ભારે ધસારાના કારણે પોસ્ટ ઓફિસમાં સોશિયલ ડિસ્ટન્સ ખોરવાયેલું હોવાનું જોવા મળે છે. પોસ્ટ ઓફીસ દ્વારા ઓફિસમાં આવતા લોકો માટે સેનેટાઈઝરની પણ કોઈ વ્યવસ્થા તેમજ સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરાવવા કોઈ પગલાં લેવામાં આવ્યા નથી.

દાહોદના ગુરૂદ્વારામાં યુવકે પ્રેમિકાની કરી હત્યા : પ્રેમીનો આત્મહત્યાનો પ્રયાસ

દાહોદ, દાહોદમાં આવેલા ગુરૂદ્વારામાં પ્રેમ પ્રકરણમાં ખૂની ખેલ ખેલાયો હોવાની ઘટના બની હતી. ઠક્કર ફળીયા સ્થિત ગુરૂદ્વારામાં બાથરૂમમાં લોહીથી લથપથ હાલતમાં યુવતીની લાશ મળી આવી હતી. યુવતીની લાશ પાસે જ ગંભીર રીતે ઘવાયેલ યુવક મળી આવ્યો હતો. આ ખૂની ખેલ પાછળ પ્રેમ પ્રકરણ ખૂલ્યુ હતુ. યુવતીના લગ્નના બે દિવસ અગાઉ જ પ્રેમી દ્વારા તેની હત્યા કર્યા બાદ યુવાને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હોવાનું બહાર આવ્યુ હતુ. ઘટના પૂર્વે યુવાને સોશ્યલ મિડીયા પર સ્ટેટસ મૂક્યુ હતુ કે 'જીવનની શરૂઆત અને અંત'. આ હકિકત મળી આવતાં પોલીસે એ દિશામાં કાર્યવાહી શરૂ કરી દીધી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, પંકજ લાલભાઈ વણઝારા (ઉ.વ.૨૧, રહે.વણઝારવાડ, તા.ઝાલોદ લીમડી) અને સીરીન શેખ (ઉ.વ.આશરે પુખ્ત વય, રહે.કસ્બા, દાહોદ,જી.દાહોદ) આ બંન્નેની આજે દાહોદ શહેરના ઠક્કર ફળિયા ખાતે લોહીથી લથબથ હાલતમાં અને તીક્ષ્ણ હથિયાર વડે શરીરે પર ગંભીર ઈજા સાથે પડ્યા હોવાની વિગતો બહાર આવી હતી. આ બાબતની વાયુવેગે વાતો આખા શહેરમાં પ્રસરતા સ્થળ પર લોકટોળા ઉમટી પડ્યા હતા. જોતજોતામાં પોલીસ કાફલો અને ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલશ સેવા પર સ્થળ પર આવી પહોંચી હતી. પોલીસ તથા તબીબોએ ચકાસણી કરતાં યુવતીનું ઘટના સ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતુ, જ્યારે યુવકને ગંભીર ઈજાઓ થયા બાદ પણ તેના શ્વાસ ચાલતા હતા. તેને ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવા મારફતે તાત્કાલીક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

મૃતક યુવતીને પીએમ માટે ખસેડી દેવામાં આવી હતી. લોહીથી લથબથ ઘટના સ્થળ પરથી મળી આવતી વિગતો મુજબ યુવતીના બે - ત્રણ દિવસ બાદ લગ્ન પણ થવાના હતા, આજે આ યુવક તેને મળવા આવ્યો હતો. યુવતીની સાથે બીજી છોકરી પણ આવી હતી. ઘટના સ્થળ પરથી પોલીસે યુવકની મોટરસાઈકલ પણ કબજે લીધી હતી. બંન્નેની બેગ પણ જપ્ત કરી હતી. આજના આ બનાવના પગલે દાહોદ શહેર સહિત જિલ્લામાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, છોકરો વણઝારા કોમનો છે. તે પંજાબી ધર્મમાં માનતો હોવાથી અવાર નવાર દાહોદના ગુરૂદ્વારામાં સેવા માટે આવતો હોવાનું પણ જાણવા મળેલ છે. વધુમાં જાણવા મળ્યા અનુસાર, સમગ્ર ઘટનાની થોડી મીનીટો પહેલા જ યુવકે પોતાના સોશ્યલ મિડીયા એટલે કે, ફેસબુકના એકાઉન્ટમાં છોકરી જોડે ખેંચેલી તસ્વીર શેર કરી હતી. સ્ટેટસમાં "ન્કી જંદ્ઘક્રિહદ્ઘ ન્કી ર્જીજી" લખાણ લખીને પણ મુક્યું હતુ. સમગ્ર ઘટના નજીકના ગુરૂદ્વારામાં લાગેલ સીસીટીવીમાં કેદ થઈ હોવાનું માનીને પોલીસે કેમેરાના ફુટેજની ચકાસણી કરી છે. સમગ્ર મામલે દાહોદ શહેર પોલીસ મથકે યુવક અને યુવતીના પરિવારજનોના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા. પોલીસે પણ આ ઘટનાની તલસ્પર્શી તપાસનો ધમધમાટ શરૂ કરી દીધો છે.

સૌરાષ્ટ્ર પર મેઘો મહેરબાન, સાર્વત્રિક અડધાથી ત્રણ ઈંચ વરસાદઃ એક મોત

રાજકોટ, શનિવારે અસહ્ય ઉકળાટ બાદ સૌરાષ્ટ્ર ઉપર અડધાથી ત્રણ ઈંચ જેટલી મેઘમહેર થઇ હતી. રાજકોટમાં દસ મિનિટમાં પોણો ઈંચ વરસાદ, લાલપુરમાં બે ઈંચ, જામજોધપુર-કાલાવડમાં દોઢ, જામનગર-ધ્રોલમાં પોણો ઈંટ અને જોડીયામાં અડધો ઈંચ વરસાદ વરસ્યો હતો તો ગીર સોમનાથ જીલ્લામાં અડધાથી અઢી ઈંચ જેટલો સાર્વત્રીક વરસાદ વરસ્યો હતો.દ્વારકા તાલુકામાં પણ બે ઈંચ તથા ભાણવડ તાલુકામાં પણ ભારે ઝાપટા રૂપે એક ઈંચથી વધુ વરસાદ વરસી ગયો હતો.પોરબંદર જીલ્લાના બરડા પંથકમાં સર્વત્રિક એકથી ત્રણ ઈંચ જેવો વરસાદ વરસ્યો હતો. જયારે ભાણવડમાં વીજળી પડતા યુવક તેમજ મેવાસામાં ભેંસ પર વીજળી પડતા મોત નીપજયું હતું. રાજકોટમાં શનિવારે સવારથી અસહ્ય ઉકળાટ બાદ સમી સાંજે મેઘરાજાએ ફટાફટ ઈનિંગ રમવાનું શરૂ કર્યું હતું. સાંજે પાંચેક વાગ્યા આસપાસ વરસાદે જોર સાથે એન્ટ્રી મારી હતી અને ૧૦ જ મિનિટમાં પાણી પાણી કરી દેતાં લોકોએ મન ભરીને વરસાદ માણ્યો હતો. ૧૦ મિનિટ દરમિયાન શહેરમાં પોણો ઈંચ વરસાદ નોંધાયો હતો. જામનગર જિલ્લામાં દરિયામાંથી વરસાદી સિસ્ટમ સક્રિય થયા બાદ બપોર બાદ વરસાદ તૂટી પડયો હતો. લાલપુર તાલુકામાં ૫૨ મિમિ વરસાદ નોંધાયો છે. જામજોધપુર તાલુકામાં ૪૦ મિમિ વરસાદ નોંધાયો હતો. કાલાવડ તાલુકામાં ૪૦ મિમિ ,જામનગરમાં ૨૧ મિમિ વરસાદ, ધ્રોલ તાલુકામાં ૨૧ મિમિ વરસાદ,જોડીયા તાલુકામાં પણ હળવા ભારે ઝાપટા પડતા ૧૪મિમિ વરસાદ નોંધાયો હતો. પોરબંદર જિલ્લામાં બરડાપંથકના ભાવપરા, મીયાણી, ટુકડા, વિસાવાડા સહિતના ગામોમાં મેઘરાજાએ આગમન કર્યું હતું અને અનરાધાર વરસવાનું શરૂ કરતા માત્ર બે કલાકમાં ત્રણ ઈંચ જેટલો વરસાદ પડી ગયો હતો.પોરબંદર ના ભોમીયાવદર ગામે વિજળી પડતા બળદ અને ભેંસનુ મોત નીપજ્યુ હતું. દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકામાં આજરોજ બપોરે મુશળધાર વરસાદ ચાર ઈંચ (૯૯ મી. મી.) પાણી વરસી જતા ઠેર ઠેર પાણી ચાલી નીકળ્યા હતા. આ ઉપરાંત દ્વારકા તાલુકામાં પણ બે ઈંચ (૫૨ મી. મી.) તથા ભાણવડ તાલુકામાં પણ ભારે ઝાપટા રૂપે એક ઈંચથી વધુ (૨૯ મી. મી.) વરસાદ વરસી ગયો હતો. ખંભાળિયા તાલુકામાં ઝાપટા રૂપે પા ઈંચ થી વધુ (૮ મી.મી.) વરસાદ પડી ગયો હતો. ગાજ વીજ સાથેના આ વરસાદના કારણે ભાણવડ તાલુકાના શિવા ગામે બપોરે પોણા ત્રણ વાગ્યે આકાશ વીજળી ત્રાટકતા હમીરભાઈ ધનાભાઈ કનારા નામના ૪૦ વર્ષના યુવાનનું કરુણ મૃત્યુ નીપજ્યું હતું. આ ઉપરાંત ભાણવડ તાબેના મેવાસા ગામે વાડી વિસ્તારમાં રહેતા ભીમાભાઈ રમેશભાઈ ભીભા નામના એક આસામીની માલિકીની ભેંસ પણ આકાશી વીજળી ત્રાટકતા મૃત્યુ પામી હતી. ગીર સોમનાથ જિલ્લાના છએય તાલુકામાં આજે બીજા દિવસે પણ મેઘરાજાની અવિરત સવારી ચાલુ રહી હતી. સવારથી સાંજ સુધીમાં અડધો થી અઢી ઈંચ જેટલો સાર્વત્રીક વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. આજે જીલ્લામાં સૌથી વધુ કોડીનારમાં અઢી જયારે સૌથી ઓછો ગીરગઢડા - ઉનામાં અડધો ઈંચ વરસાદ વરસ્યો હતો.

મહુવેજ નજીક હાઈવે ઉપર સિમેન્ટના બ્લોકમાં રિક્ષા અથડાતાં એક યુવાનનું મોત

બારડોલી, સુરત જિલ્લાના માંગરોળ તાલુકાનાં મહુવેજ ગામની સીમમાં ને.હા.નં-૪૮ ઉપર નવા બની રહેલ ઓવરબ્રિજ ઉપર કોંકરિતના બ્લોક સાથે રિક્ષા અથડાતાં રિક્ષામાં બેસેલ એક યુવાનને ગંભીર ઈજા પહોંચતા તેનું મોત નીપજયું હતું. જ્યારે રિક્ષામાં બેસેલ અન્ય એક વ્યક્તિને ઈજા પહોંચતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. જ્યારે અકસ્માત બાદ રિક્ષા ચાલક ત્યાંથી ભાગી છૂટ્યો હતો. આ અંગે મળતી માહિતી સુરત શહેરના એલ.પી.સવાણી રોડ એસ.એમ.સી ક્વાટર્સ ખાતે રહેતા પિયુષ નરેશભાઈ જાધવ (૨૯) નાઓ ગત તા-૫ જુલાઈના રોજ ભરુચ ખાતે મજૂરી કામઅર્થે ગયા હતા. અને જ્યાંથી તા-૭ જુલાઈના રોજ સાંજના સમયે ઘરે આવવા નીકળ્યા હતા. તેઓ રિક્ષા નંબર જીજે-૦૫-એ.વી-૪૯૪૯માં બેસી ઘરે પરત આવી રહ્યા હતા. તે સમયે રિક્ષા ચાલકે પોતાની રિક્ષા પૂરઝડપે હંકારી લાવતા માંગરોળ તાલુકાનાં મહુવેજ ગામની સીમમાં ને.હ.નં-૪૮ ઉપર નવા બ્રિજનું બાંધકામ ચાલતું હોય ત્યાં મુકેલ સિમેન્ટ કોંકરિતના બ્લોક સાથે રિક્ષા અથડાવી દીધી હતી. સર્જાયેલા અકસ્માતમાં પિયુષ જાધવને શરીરે ગંભીર ઈજા પહોંચતા તેનું મોત નીપજયું હતું.

હ્યુંડઈના વર્ચુઅલ વર્લ્ડ 'ધ નેક્સ્ટ ડાયમેન્શન'નો અનુભવ કરો



અમદાવાદ, દેશની પહેલી સ્માર્ટ મોબિલિટી સોલ્યૂશન પ્રદાતા અને પોતાની શરૂઆતથી જ પ્રવાસી કારોની સૌથી મોટી નિકાસકર્તા હ્યુંડઈ મોટર ઈન્ડિયા લિમિટેડ (એમએમઆઈએલ) ૧૪ જુલાઈ ૨૦૨૦ના રોજ બપોરે ૧૨ કલાકે ઈન્ડસ્ટ્રીમાં પોતાની પ્રકારનો પહેલો, સૌથી ઉન્નત વર્ચુઅલ રિયલિટી એક્સપીરિયંસ 'ધ નેક્સ્ટ ડાયમેન્શન' રજૂ કરવા જઇ રહી છે. 'ધ નેક્સ્ટ ડાયમેન્શન' હ્યૂમન સેન્ટ્રીક ડિઝાઈનનો શ્રેઠત્તમ અનુભવ છે. સૌથી ઉન્નત હ્યૂમન સેન્ટ્રીક ડિઝાઇનના ઉપયોગથી હ્યુંડઈએ ડાયનામિક ફિઝિકલ અને ડિજિટલ વર્લ્ડનો ઉત્તમ તાલમેલ કરતા પોતાના ગ્રાહકો, પ્રોસ્પેક્ટ્સ અને મીડિયા માટે ૫ ઓફિશિયલ સોશિયલ મીડિયા હેન્ડલ પર એક અદભૂત અનુભવ મંચ તૈયાર કર્યો છે.

આ અનોખા અને ઈન્ડસ્ટ્રીમાં પોતાની પ્રકારના પહેલા વર્ચુઅલ 'ધ નેક્સ્ટ ડાયમેન્શન'માં હ્યુંડઈની ત્રણ આઈકોનિક બ્રાંડ-૨૦૨૦ની અલ્ટીમેટ એસયૂવી All New CRETA, Spirited New VERNA અને New TUCSONને વર્ચુઅલ લોંચિંગના અનોખા ડિજિટલ ફોર્મેટમાં રજૂ કરશે. (૧-૭)

૮ના બદલે ૧૧ વોર્ડ, દરેકમાં ૪ કાઉન્સિલર

ગાંધીનગર, રાજ્ય સરકારે ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં વધારો કર્યા બાદ હવે વોર્ડની સંખ્યામાં વધારા અંગેનું જાહેરનામું પણ બહાર પાડ્યું છે. આ નવા જાહેરનામા મુજબ હવે મનપા વિસ્તારમાં આઠના બદલે ૧૧ વોર્ડ થશે. દરેક વોર્ડમાં ચાર કાઉન્સિલર સાથે કુલ સભ્યોની સંખ્યા ૪૪ થશે. વિસ્તરણ બાદ મ્યુનિ. વિસ્તાર ચાર ગણો અને વસતી અઢી ગણી થવાનો અંદાજ છે. આ સ્થિતિમાં દરેક વોર્ડમાંથી ટિકિટ મેળવવા માટે ઉમેદવારો અત્યારથી થનગની રહ્યા છે. વૈકુંઠ નાનું અને ભગત ઝાઝા જેવા પ્રવર્તમાન સંજોગોમાં અનેક મૂરતિયાઓએ નિરાશ થવું પડે તેમ છે.

ઉલ્લેખનીય છે કે, ગાંધીનગર મહાપાલિકાની સ્થાપના વર્ષ ૨૦૧૧માં કરવામાં આવી હતી. તે સમયે ૧૧ વોર્ડ અને ૩૩ કાઉન્સિલરો સમાવેશ કરવામાં આવ્યો હતો વર્ષ ૨૦૧૬માં ચૂંટણી યોજાઈ ત્યારે બદલાયેલા સીમાંકનમાં ૮ વોર્ડ અને ૩૨ કાઉન્સિલરોનો સમાવેશ કરાયો હતો. તાજેતરમાં સરકારે ગાંધીનગર મહાનગરપાલિકામાં ૧૮ ગામડાં અને એક પેથાપુર નગરપાલિકાનો સમાવેશ કર્યો છે. હદમાં વિસ્તરણની જાહેરાત બાદ શહેરી વિકાસ વિભાગે બુધવારે નવું જાહેરનામું બહાર પાડ્યું છે. આ જાહેરનામા મુજબ ૧૧ વોર્ડ અને દરેક વોર્ડમાં ચાર કાઉન્સિલરની જોગવાઈ કરાઈ છે. આમ હાલની સ્થિતિએ ૩ વોર્ડ અને ૧૨ સભ્યોનો વધારો થશે. નવા સીમાંકનમાં ૨૨ બેઠકો મહિલા અનામત માટે રાખવામાં આવી છે. તેમાં ૫ એસસી માટે બેઠક ફાળવવામાં આવી છે. જેમાં ૩ મહિલાનો સમાવેશ થશે, જ્યારે ૧એસટી બેઠક ફાળવવામાં આવી છે, તેની સાથે જ ૪ ઓબીસી બેઠકોનો સમાવેશ કરાયો છે, જેમાં ૨ મહિલાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. નવા જાહેરનામા મુજબ ત્રણ વોર્ડ અને ૧૨ સભ્યોનો વધારો થયો છે. વર્ષ ૨૦૧૧ની વસતી ગણતરી મુજબ હાલ ગાંધીનગર મ્યુનિ.ના દરેક વોર્ડમાં ૨૧૦૦૦ નાગરિકો છે. પાછલા ૧૦ વર્ષમાં ગાંધીનગરની નજીકના ગ્રામ્ય વિસ્તારોમાં અને ગાંધીનગર શહેરમાં વસતી વધી છે. ઉદાહરણ તરીકે, સરગાસણ અને કુડાસણ વિસ્તારમાં ૧૦ વર્ષ અગાઉ જ્યાં ખેતરો હતા, ત્યાં આજે મોટી હાઉસિંગ સ્કીમ છે. નવી વસતી ગણતરીમાં નવા સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારોની વસતીમાં નોંધપાત્ર વધારો નિશ્ચિત છે. એક અંદાજ મુજબ, ગાંધીનગર મ્યુનિ. વિસ્તારની વસતી છ લાખ કે તેથી વધુ થવાની શક્યતા છે. આ સ્થિતિમાં વોર્ડ દીઠ નાગરિકોની સંખ્યા બમણી કે તેથી વધુ થઈ શકે છે. વિસ્તાર અને વસતીમાં વધારાની સાથે મનપાની આવક અને ખર્ચમાં પણ નોંધપાત્ર વધારો થવાનો છે. અત્યાર સુધી ગ્રામપંચાયતથી માંડીને જિલ્લા પંચાયત સુધી વિવિધ સ્તરે સક્રિય રહેલા બંને પક્ષના અનેક અગ્રણીઓએ હવે મનપાની ચૂંટણીમાં ઝૂકાવવું પડશે. નવા સીમાંકનની જાહેરાત સાથે જ અનેક અગ્રણીઓએ તો ચૂંટણીની તૈયારી આરંભી દીધી છે. જો કે વધુ વિસ્તારમા ઓછા વોર્ડ હોવાથી દરેક વોર્ડનું સીમાંકન જરૂરી બનશે. નવા સીમાંકનમાં કયા નેતા કે ઉમેદવારો ફાવશે તે જોવું રહ્યું. મનપાની ગત ચૂંટણીમાં ટિકિટથી વંચિત રહેલા બંને પક્ષના મૂરતિયા પાછલા લાંબા સમયથી આગામી ચૂંટણી માટે તૈયારી કરી રહ્યા છે. તેમાં વળી, નવા સીમાંકન સાથે ચૂંટણી આવી જતાં ગ્રામ્ય વિસ્તારના અગ્રણીઓ પણ મેદાને ઉતારવાના છે. રાજકીય અને આર્થિક રીતે સક્ષમ ગણાતા ગ્રામ્ય વિસ્તારના અગ્રણીઓએ મેદાનમાં ઝૂકાવવા માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે ત્યારે બંને પક્ષના અનેક મૂરતિયાઓએ નિરાશ થવું પડે તેવી શક્યતા છે.

RADHE DEVELOPERS (INDIA) LIMITED

CIN: L45201GJ1995PLC024491
Regd. Office: 1st Floor, Chunibhai Chambers, Behind City Gold Cinema, Ashram Road, Ahmedabad-380009
Phone: +91 79-26583381 | Website: www.radhedevelopers.com | E-mail: secretarial@radheinfra.com

Notice

Pursuant to Regulation 29 read with Regulation 47 of the Securities and Exchange Board of India (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 (Listing Regulations), Notice is hereby given that a meeting of the Board of Directors of the Company is scheduled to be held on **Friday, July 17, 2020,** inter alia, to consider and approve Unaudited Financial Results of the Company for the quarter ended on June 30, 2020.
The said Notice may be accessed on the Company's website at **www.radhedevelopers.com** and may also be accessed on the Stock Exchange websites at **www.bseindia.com.**
Pursuant to this, the Company has decided that the close period (i.e. closure of trading window) would **commence from July 01, 2020 and end 48 hours after the results are made public on July 17, 2020.**

For **Radhe Developers (India) Limited**
Sd/-
Dipen A. Dalal
Company Secretary & Compliance Officer

Place : **Ahmedabad**
Date : **July 09, 2020**

SACHETA METALS LIMITED

Reg. Office: Sacheta Udyog Nagar, Opp. College, Mahiyal, Talod, 383215, Gujarat-383215
CIN: L51100GJ1990PLC013784

NOTICE

Notice is hereby given pursuant to Regulation 29 read with Regulation 47 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations 2015, that a meeting of Board of the Directors of the Company will be held on Friday,17thJuly, 2020,inter alia, to considerUnaudited Financial Results of the Company for the quarter ended on 30th June,2020.
The information contained in this notice is also available on the website of the Company at www.sacheta.comad also on the website of the Stock Exchange viz BSE Ltd. At www.bseindia.com

For Sacheta Metals Limited
sd/-
Satishkumar K. Shah
Managing Director
DIN:00237283

Place: Mumbai
Date :8th July, 2020